

# બિનસચિવાલયની પરીક્ષાની અંતિમ ક્ષણોમાં ઉપયોગી મહત્ત્વના બંધારણના અનુચ્છેદો, જોગવાઈઓ અને બંધારણીય સુધારાઓનું ફાસ્ટ રિવીઝન

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બિનસચિવાલયનની પરીક્ષાના અંતિમ ક્ષણોમાં મહત્ત્વના બંધારણના અનુચ્છેદો અને જોગવાઈઓનું ફાસ્ટ રિવીઝન ખાસ આપના માટે

| | મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.1 | ભારતીય સંઘનું નામ અને ભારતનું રાજ્ય ક્ષેત્ર | યુનિયન ઓફ ઈન્ડિયા (ભારત સંઘ)<br>'ઈન્ડિયા' અર્થાત્ 'ભારત' રાજ્યોનો બનેલો સંઘ છે. |
| અનુ.1(2) | ભારતના રાજ્યો બંધારણની પ્રથમ અનુસૂચિ (પરિશિષ્ટ) મુજબના રહેશે. | હાલમાં પ્રથમ અનુસૂચિમાં 28 રાજ્યો અને 9 કેન્દ્ર શાસિત પ્રદેશો છે. |
| અનુ.1(3) | ભારતનું રાજ્ય ક્ષેત્ર | રાજ્ય ક્ષેત્ર એટલે કે ભારતના રાજ્યો (28), કેન્દ્ર શાસિત પ્રદેશો (9) અને ભારતે હસ્તગત કરેલા પ્રદેશો (હાલમાં કોઈ નથી) |
| અનુ.2 | નવા વિસ્તારોને ભારત સંઘમાં દાખલ કરવા | સંસદ નવા વિસ્તારો કાયદાથી ભારત સંઘમાં જોડી શકે છે. |
| અનુ.3 | નવા રાજ્યની રચના અથવા હાલના રાજ્યોના નામ, સીમા, ક્ષેત્રમાં ફેરફાર અંગે ખરડાની પ્રક્રિયા | સંસદ કાયદાથી કોઈ રાજ્યનો વિસ્તાર વધારી શકે, ઘટાડી શકે, બે રાજ્યો ભેગા કરી શકે, બે રાજ્યો અલગ કરી શકે, રાજ્યોની સીમામાં ફેરફાર કરી શકે, રાજ્યોના નામોમાં ફેરફાર કરી શકે. |
| અનુ.9 | ભારતની નાગરિકતા રદ થવા અંગે | ભારતનો નાગરિક જો અન્ય દેશની નાગરિકતા સ્વીકારે તો ભારતની નાગરિકતા ગુમાવે છે. |
| અનુ.11 | સંસદને નાગરિકતા અંગે કાયદો બનાવવાની અને તેમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા છે. | રાજ્ય વિધાનમંડળ નાગરિકતા અંગે કાયદો બનાવી શકે નહીં નાગરિકતા સાતમી અનુસૂચિ અંતર્ગત કેન્દ્રયાદીનો વિષય છે. |
| અનુ.12 | રાજ્ય (દેશ)ની વ્યાખ્યા | રાજ્ય (દેશ)માં કેન્દ્ર સરકાર, લોકસભા, રાજ્યસભા, રાજ્ય સરકાર, વિધાનસભા, વિધાનપરિષદ, ગ્રામ્યપંચાયત, નગરપાલિકા, રાષ્ટ્રીય બેંક, સરકારી કંપની, ખાનગી કંપની જે સરકારની સંસ્થા તરીકે કામ કરતી હોય, વૈધાનિક સંસ્થાનો સમાવેશ આ વ્યાખ્યામાં થાય છે. |
| અનુ.13 | મૂળભૂત અધિકારોનું હનન કરતા કાયદાઓ રદ થશે. (સુપ્રીમ કોર્ટની ન્યાયિક સમીક્ષા) કાયદામાં નિયમો, પેટા કાયદા, વટહુકમ, આદેશ, પ્રથાઓ, રિવાજ, અધિસૂચન વગેરેનો સમાવેશ થાય છે. | 'બંધારણીય સુધારા' શબ્દનો સમાવેશ અનુ. : 13 કાયદા શબ્દની વ્યાખ્યામાં થતો નથી. (કેશવાનંદ ભારતી કેસ) |
| અનુ.14 | કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ | 'કાયદા સમક્ષ સમાનતા' નકારાત્મક અભિગમ છે અને બ્રિટનના બંધારણમાંથી લેવાયેલ છે. (કાયદાની નજરમાં સૌ સરખા)<br>'કાયદાનુ સમાન રક્ષણ' હકારાત્મક અભિગમ છે અને અમેરિકાના બંધારણમાંથી લેવાયેલ છે. (સમાનતા માટે કાયદો) |
| અનુ.15 | ધર્મ, જ્ઞાતિ, જાતિ, લિંગ કે જન્મ સ્થાનના ભેદભાવ પર પ્રતિબંધ | કોઈપણ વ્યક્તિને દુકાનો, સાર્વજનિક ભોજનાલય, હોટલો, જાહેર જનતાના ઉપયોગ માટેના કૂવાઓ, ટાંકીનો ઉપયોગ કરતા અટકાવી શકાય નહિ. |
| અનુ.15(3) | મહિલાઓ અને બાળકો માટે વિશિષ્ટ જોગવાઈઓ કરી શકાશે | મહિલાઓ અને બાળકોને વિશિષ્ટ સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.<br>ઉદા. મહિલાઓને પ્રસુતિ દરમિયાન નોકરીમાંથી રજા આપવી. |
| અનુ.15(4) | પછાતવર્ગોને (SC, ST, OBC) જાહેર શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત આપી શકાય. | પ્રથમ બંધારણીય સુધારા, 1951 દ્વારા જોડવામાં આવી. |
| અનુ.15(6) | આર્થિક આધાર પર બિનઅનામત વર્ગોને જાહેર શૈક્ષણિક સંસ્થાઓમાં 10% અનામત. | 103મો બંધારણીય સુધારો, 2019 દ્વારા જોડવામાં આવી. |
| અનુ.16 | જાહેર રોજગારીની બાબતમાં સમાન તક | કોઈપણ નાગરિકને ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, નિવાસ્થાન, વંશ કે જન્મસ્થાનના આધારે જાહેર રોજગારી કે નિમણૂકમાં ભેદભાવ થઈ શકે નહિ. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

YouTube
ICE RAJKOT

બિનસચિવાલય કલાર્ક માટે મોટિવેશનલ વીડિયો જોવા માટે અહીં CLICK કરો... એકવાર જરૂર જુઓ...
(PART 1 & 2)

| મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.16(4) | પછાતવર્ગોને (SC, ST, OBC)ને જાહેર ક્ષેત્રની રોજગારીમાં અનામત | અનુ. : 16નો અપવાદ છે. જાહેર રોજગારીમાં પછાતવર્ગોનું પ્રતિનિધિત્વ ઓછું હોય તેના માટે આપવામાં આવે છે. |
| અનુ.16(5) | સંપ્રદાયિક સંસ્થાઓના પદની તેજ સંપ્રદાયના વ્યક્તિ માટે અનામત | ઉદા. શિખ ધર્મની સંસ્થાના સંચાલન માટે શિખ ધર્મના વ્યક્તિની નિમણૂક |
| અનુ.16(6) | જાહેર ક્ષેત્રની રોજગારીમાં બિનઅનામત વર્ગોને આર્થિક આધાર પર 10% અનામત | 103માં બંધારણીય સુધારામાં જોડવામાં આવી. |
| અનુ.17 | અસ્પૃશ્યતા નાબૂદી | કોઈપણ વ્યકિતને સાર્વજનિક સ્થળોએ અટકાવવા, સ્થળોએ પ્રતિબંધ કરવા વગેરે જેવા કાર્યો કરી શકાય નહિ. |
| અનુ.18 | ઉપાધિઓ / ખિતાબો(ઈલકાબો)ની નાબૂદી | રાજા, સર, રાયબહાદૂર, રાયસાહેબ જેવી કોઈપણ ઉપાધિ ધારણ કરી શકાય નહિ.<br>ભારતનો કોઈ વ્યક્તિ રાષ્ટ્રપતિની મંજૂરી વિના અન્ય દેશના ઈલકાબો સ્વીકારી શકે નહિ. (અનુ. : 18(2)) |
| અનુ.19(1)(a)<br>અનુ.19(1)(b)<br>અનુ.19(1)(c)<br>અનુ.19(1)(d)<br>અનુ.19(1)(e)<br>અનુ.19(1)(g) | વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા<br>શાંતિપૂર્વક તથા હથિયાર વગર એકઠા થવાની સ્વતંત્રતા<br>સહકારી મંડળી બનાવવાની સ્વતંત્રતા<br>ભારતમાં મૂક્ત રીતે હરવા ફરવાની સ્વતંત્રતા<br>ભારતના કોઈપણ ભાગમાં વસવાટ અને સ્થાયી થવાની સ્વતંત્રતા<br>કોઈપણ વ્યવસાય, રોજગાર, ધંધો અથવા વ્યાપાર કરવાની સ્વતંત્રતા | – – – |
| અનુ.19(2) | વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પરના નિયંત્રણો | રાજ્યની (દેશ)ની સુરક્ષા, લોકવ્યવસ્થા, ગુના માટે ઉશ્કેરવા, ભારતનું સર્વાભૌમત્વ અને અખંડતતા, વિદેશ રાજ્યો સાથે મૈત્રીપૂર્ણ સંબંધો, શિષ્ટાચાર અને નૈતિકતાના આધારો પર નિયંત્રણો મૂકી શકાય. |
| અનુ.20 | ગુનાઓ માટે દોષસિદ્ધ બાબતે રક્ષણ | રાજ્ય (દેશ) કોઈપણ વ્યક્તિને કાયદાની જોગવાઈના આધારે જ સજા કે દંડ થઈ શકે.<br>કોઈપણ વ્યક્તિને તેને કરેલા ગુના માટે એક વખત જ સજા થશે. (અનુ. 20(2))<br>વ્યક્તિને પોતાના વિરુદ્ધ પુરાવા આપવાથી રક્ષણ (અનુ. 20(3)) |
| અનુ.21 | જીવન જીવવાની તથા વ્યક્તિગત સ્વતંત્રતા.<br>વ્યક્તિને મળતી આ સ્વતંત્રતા માત્ર ‘કાયદા દ્વારા સ્થાપિત પ્રક્રિયાથી’ વંચિત રાખી શકાય. | ‘કાયદાની ઉચિત પ્રક્રિયા’ (મેનકા ગાંધી કેસ દ્વારા દાખલ કરવામાં આવી)<br>અનુ. : 21ના અન્ય અધિકારો<br>ઉદા. અંગતતાનો અધિકાર, ઈચ્છા મૃત્યુનો અધિકાર વગેરે... |
| અનુ.21(A) | શિક્ષણનો અધિકાર | 6-14 વર્ષના બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ (86મો બંધારણીય સુધારો, 2002) |
| અનુ.22 | ધરપકડ અને અટકાયત સામે રક્ષણ | (1) વ્યક્તિ પોતાની ધરપકડ કરતા પહેલા તેની ધરપકડનું કારણ આપવુ ફરજિયાત છે.<br>(2) દરેક વ્યક્તિને પોતાની પસંદગીનો વકિલ રાખવાનો અધિકાર છે.<br>(3) ધરપકડ કરેલ વ્યક્તિને 24 કલાકમાં કોર્ટ સમક્ષ હાજર કરવો ફરજિયાત છે. |
| અનુ.23 | મનુષ્ય વેપાર અને બળજબરી પૂર્વકની મજૂરી પર પ્રતિબંધ | વ્યક્તિની લે–વેચ કરી શકાય નહિ. દેહ વ્યાપાર પર પ્રતિબંધ<br>દાસ પ્રથા પર પ્રતિબંધ, વેઠ પ્રથા પર પ્રતિબંધ, ગુલામી પર પ્રતિબંધ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

click here JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

| મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.24 | બાળમજૂરી પર પ્રતિબંધ (14 વર્ષની નાની વયનો વ્યક્તિ બાળક ગણાય) | કારખાનાઓ, ખાણો અને જોખમી કાર્યોમાં બાળકોને કામે રાખવા પર પ્રતિબંધ |
| અનુ.25 | અંતઃકરણ પૂર્વક કોઈપણ ધર્મ, ઉપાસના અને માન્યતાનું પાલન કરવાની ધાર્મિક સ્વતંત્રતા તેમજ ધર્મનો પ્રચાર–પ્રસાર કરવાની સ્વતંત્રતા | જાહેર વ્યવસ્થા, નીતિમતા અને સ્વાસ્થ્યને અસર ન કરે તેમજ કાયદાઓનું હનન ન થાય તે રીતે આ ધાર્મિક સ્વતંત્રતા પ્રાપ્ત રહેશે. |
| અનુ.26 | ધાર્મિક સંસ્થાની સ્થાપના કરવાનો અને તેનો સ્વતંત્ર વહીવટ કરવાનો અધિકાર | અનુ. : 26 એ સામૂહિક અથવા ધાર્મિક સંપ્રદાયોને સ્વતંત્રતાની ખાતરી આપે છે. |
| અનુ.27 | સરકાર વિશેષ ધર્મની અભિવૃદ્ધિ માટે કર લગાડી શકશે નહિ | સરકાર ધાર્મિક કર ન લગાડી શકે તેમજ કોઈ ધર્મની અભિવૃદ્ધિ માટે સરકારી નાણાની ફાળવણી ન કરી શકે. |
| અનુ.28 | ધાર્મિક સભામાં/ઉપાસનામાં/શિક્ષણમાં હાજરી આપવા અંગેનું સ્વાત્ર્ય | સંપૂર્ણ પણે સરકારી સંચાલિત શાળાઓમાં ધર્મનું શિક્ષણ ન આપી શકાય. |
| અનુ.29 | લઘુમતિઓની ભાષા, બોલી, લીપી, સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસાનું જનત કરવું | – |
| અનુ.30 | લઘુમતિઓને ધાર્મિક શૈક્ષણિક સંસ્થા સ્થાપવાનો અને વહીવટ કરવાનો અધિકાર | – |
| અનુ.31 | મિલ્કતનો મૂળભૂત અધિકાર (44મા બંધારણીય સુધારા દ્વારા રદ 1978) | અનુ. 31(B) પ્રથમ બંધારણીય સુધારા દ્વારા ઉમેરવામાં આવી. નવમી અનુસૂચિમાં રહેલા કાયદાઓની ન્યાયિક સમીક્ષા કરી શકાશે નહિ. |
| અનુ.32 | બંધારણીય ઈલાજોનો મૂળભૂત અધિકાર (અનુ. : 32 મૂળભૂત અધિકારોના ભંગ બદલ સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટ રીટ ફરમાવી શકે છે.) | (1) હેબિયસ કોપર્સ, (2) મેન્ડામસ, (3) પ્રોહિબિશન, (4) સર્ટિયોરારી, (5) કવો–વોરંટો |
| અનુ.33 | સશસ્ત્રદળોના મૂળભૂત અધિકારોની મોકૂફી | – |
| અનુ.34 | કોઈ વિસ્તારમાં લશ્કરી કાયદા (માર્શલ લૉ) દરમિયાન મૂળભૂત અધિકારોની મોકૂફી | – |
| અનુ.39 | રાજ્યે (દેશ) અનુસરવાના સિદ્ધાંતો | (1) સ્ત્રી–પુરુષોને રોજગારીની સમાન તકો, (2) ભૌતિક સંસાધનોની સમાન વહેંચણી, (3) સંપત્તિના કેન્દ્રીયકરણ પર પ્રતિબંધ (4) સ્ત્રી–પુરુષને સમાન કાર્ય માટે સમાન વેતન, (5) મજબૂરીમાં વ્યક્તિઓને અયોગ્ય કામોમાં ન જવા દેવા. (6) બાળકોનો વિકાસ |
| અનુ.39(a) | સમાન ન્યાય અને મફત કાનૂની સહાય | – |
| અનુ.40 | ગ્રામપંચાયતની રચના અને વહીવટ એકમ તરીકે સ્થાપવા | – |
| અનુ.43(b) | સહકારી મંડળીઓને પ્રોત્સાહન | – |
| અનુ.44 | નાગરિકો માટે સમાન દીવાની કાયદો (યુનિફોર્મ સિવિલ કોડ) | – |
| અનુ.46 | SC, ST અને નબળાવર્ગોના શૈક્ષણિક અને આર્થિક હિતમાં વૃદ્ધિ કરવી અને શોષણથી રક્ષણ આપવુ | – |
| અનુ.48(a) | પર્યાવરણનું રક્ષણ અને જતન તથા વન–વન્યપ્રાણીઓનું સંરક્ષણ | – |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.50 | જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા પગલા લેવા (સત્તાના વિભાજનનો સિદ્ધાંત) | – |
| અનુ.51(A) | મૂળભૂત ફરજો | 42મા બંધારણીય સુધારા, 1976થી ઉમેરવામાં આવી. (સરદાર સ્વર્ણસિંહ સમિતિની ભલામણથી, રશિયા દેશના બંધારણમાંથી) |
| અનુ.52 | ભારતના રાષ્ટ્રપતિ | અનુ. : 53(1) રાષ્ટ્રપતિ ભારતના કારોબારી વડા છે.<br>અનુ. 53(2) રાષ્ટ્રપતિ ભારતના સૈન્યની ત્રણ પાંખના વડા |
| અનુ.54 | રાષ્ટ્રપતિની ચૂંટણી (લોકસભા, રાજ્યસભા, વિધાનસભાઓના માત્ર ચૂંટાયેલા સદસ્યો જ ભાગ લઈ શકે છે. દિલ્હી–પુડુચેરી વિ.સ.ના સભ્યો ભાગ લે છે.) | અનુ. : 55 રાષ્ટ્રપતિની ચૂંટણી પ્રક્રિયા (એકલ સંક્રમણીય પદ્ધતિથી –આર્યલેન્ડના બંધારણમાંથી) |
| અનુ.56 | રાષ્ટ્રપતિની મુદ્દત (પાંચ વર્ષ) અને રાજીનામુ (ઉપરાષ્ટ્રપતિને આપે છે.) | અનુ. : 58 લાયકાતો : 35 વર્ષથી વધુની ઉંમર, 50 સદસ્યોનું લેખિતમાં અને 50 સદસ્યોનું મૌખિકમાં સમર્થન વગેરે... |
| અનુ.60 | રાષ્ટ્રપતિની શપથ (સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ) | જો સુપ્રીમકોર્ટના મુખ્ય ન્યાયાધીશ ગેરહાજર હોય તો સુ.કો. વરિષ્ઠ ન્યાયાધીશ સમક્ષ |
| અનુ.61 | રાષ્ટ્રપતિની મહાભિયોગ પ્રક્રિયા (ગૃહના 1/4 સભ્યોના સમર્થનથી જ પ્રસ્તાવ રજૂ, 14 દિવસ અગાઉ નોટીસ, મહાભિયોગ પ્રક્રિયા અર્ધન્યાયિક) | અમેરિકાના બંધારણમાંથી લીધેલ, કુલની 2/3 સભ્યોની બહુમતીથી બંને ગૃહોમાંથી પસાર થતા રાષ્ટ્રપતિ સ્વયં પદ મુક્ત થાય છે. |
| અનુ.72 | રાષ્ટ્રપતિ ભારતના કોઈપણ આરોપીની સજા માફ/સ્થગિત/ઘટાડો/રાહત/સજાનો પ્રકાર બદલી શકે તથા ફાંસીની સજા પણ માફ કરી શકે છે. | અનુ. : 111 રાષ્ટ્રપતિની ખરડા અંગે વિટો શક્તિ (અત્યાંતિક/નિલંબન કારી /પોકેટ) |
| અનુ.123 | રાષ્ટ્રપતિ મંત્રીપરિષદની સલાહથી વટહુકમ બહાર પાડે (બં.સુધારા માટે રાષ્ટ્રપતિ વટહુકમ ન બહાર પાડી શકે, કેન્દ્ર/સંયુક્ત યાદી પર જ બહાર પાડે) | સંસદનુ સત્ર ચાલુ ન હોય ત્યારે બહાર પાડી શકે, 42 દિવસમાં સંસદની મંજૂરી જરૂરી |
| અનુ.63 | ઉપરાષ્ટ્રપતિનોહોદ્દો(અમેરિકાનાબંધારણમાંથી)(મુદ્દત:5વર્ષ,રાજીનામુ: રાષ્ટ્રપતિ) (અનુ. 65 ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ પદ ખાલી તરીકે કાર્ય કરે)<br>અનુ. : 69 શપથ રાષ્ટ્રપતિ સમક્ષ | અનુ. : 64 હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના સભાપતિ<br>હટાવવા માટે માત્ર રા.સ.માં કુલની 51%, લો.સ.માં સાદી બહુમતી<br>અનુ. : 66 ઉપરાષ્ટ્રપતિ લાયકાત : 35 વર્ષથી વધુ ઉંમર |
| અનુ.74 | મંત્રીમંડળ, અનુ. : 75 વડાપ્રધાન (શપથ અને રાજીનામુ રાષ્ટ્રપતિ સમક્ષ) (મંત્રીઓની મહત્તમ સંખ્યા લો.સ.ના 15%થી વધુ નહિ)(91મો બ.સુ.) | મંત્રી વ્યક્તિગત રીતે રાષ્ટ્રપતિને જવાબદાર, સંયુક્ત રીતે લો.સ. જવાબદાર (અનુ.:78 વડાપ્રધાનની ફરજો) |
| અનુ.76 | એર્ટનીજનરલ (નિમણૂક/શપથ/રાજીનામુ રાષ્ટ્રપતિ સમક્ષ) (લાયકાત : સુ.કોર્ટના ન્યાયાધીશ જેટલી) (મુદ્દત : રાષ્ટ્રપતિ ઈચ્છે તેટલી) | કેન્દ્ર સરકારનું કાયદાકીય બાબતોમાં પ્રતિનિધિત્વ તથા કેન્દ્ર સરકારે કાયદાકીય બાબતોમાં સલાહ આપવાનું કાર્ય કરે. |
| અનુ.79 | સંસદ (રાષ્ટ્રપતિ+રા.સ.+લો.સ.) (બ્રિટન સંસદીય પદ્ધતિથી પ્રભાવિત) લો.સ.(નીચલુગૃહ/પ્રત્યક્ષ ચૂંટણી), અનુ.:81 મહત્તમ સભ્યો 552 હાલમાં 545, (અનુ.:331 રાષ્ટ્રપતિ દ્વારા 2 એંગ્લો ઈન્ડિયન નિયુક્ત) મુદ્દત:5 વર્ષ અનુ.:93 લો.સ.ના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ(તેની શપથ ન હોય, રાજીનામુ સામસામે) અનુ.:84 લો.સ.ના સભ્યોની ઉંમર 25 વર્ષ, રા.સ. 30 વર્ષ કે તેથી વધુ, અનુ.:99 સંસદ સભ્યોની શપથ, અનુ.:102 સંસદ સભ્યોની ગેરલાયકાત, અનુ.:105 સભ્યો વિ.અધિકાર | રાજ્યસભા (ઉપલુગૃહ/કાયમીગૃહ)અનુ.:80, 250 મહત્તમ સભ્યો, હાલમાં 245 (233 ચૂંટાયેલ, અનુ.:80(3) 12 સાહિત્ય, વિજ્ઞાન, કલા અને સામાજિક સેવા નામાંકિત)અનુ.:80(2) રા.સ.માં બેઠકોની ફાળવણી-4 અનુસૂચિ) અનુ.:89 રા.સ. સભાપતિ–ઉપરાષ્ટ્રપતિ, અનુ.:89(2) રા.સ. ઉપસભાપતિ–સભ્યો દ્વારા ચૂંટવામાં આવે, સભ્યોની મુદ્દત 6 વર્ષ (દર બે વર્ષે 1/3 સદસ્યો નિવૃત્ત, ચૂંટણી બે વર્ષે), અનુ.:120 સંસદમાં ઉપયોગમાં લેવાતી ભાષા |
| અનુ.110 | અનુ.:110 નાણા ખરડો, અનુ.:107 સામાન્ય ખરડો, અનુ.:368 બં.સ. ખરડો,અનુ.:110(3)નાણાખરડોનિર્ણય–લો.સ.અધ્યક્ષ(ફક્તલો.સ.રજૂ), રાષ્ટ્રપતિ નાણા ખરડો સ્વીકાર/અસ્વીકાર, સામાન્ય ખરડો બંને ગૃહ, 3 વાંચન–7 અવસ્થા, અનુ.:112 બજેટ, અનુ.:116 લેખાનુદાન | અનુ.:108સંસદસંયુક્તબેઠક,(અનુ.:118(4)સંયુક્તબેઠકની અધ્યક્ષતા લો.સ.અધ્યક્ષ કરે તેની ગેરહાજરમાં ક્રમાંનુસાર અધ્યક્ષતા કરે, લો.સ.ઉપાધ્યક્ષ/રા.સ.ઉપસભાપતિ/સં.બેઠકનાસભ્યોદ્વારાનક્કી)<br>અનુ.:266 ભારતની સંચિત નિધિ અને ભારતનું જાહેર ખાતુ, અનુ.:267 આકસ્મિક ભંડોળ, |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.124 | સુપ્રીમકોર્ટ, અનુ.:124(2) સુ.કો.ન્યાયાધીશની નિમણૂક(કોલેજીયમ સિસ્ટમ), હોદ્દાની મુદત 65 ઉંમર, અનુ.:124(3) ન્યાયાધીશની લાયકાત–5 વર્ષ હાઈકોર્ટના ન્યાયાધીશ અથવા 10 વર્ષ હાઈકોર્ટના વકિલ, અનુ.:124(6) શપથ–ન્યાયાધીશ–રાષ્ટ્રપતિસમક્ષ(હાલમાં કુલ34ન્યાયાધીશો),ન્યાયાધીશને હોદ્દા પરથી દૂર કરવા– પ્રસ્તાવ લો.સ. 100 સભ્યો અને રા.સ. 50 સભ્યો(પ્રસ્તાવ સભ્ય સંખ્યા 51% + હાજર મત 2/3 સભ્યોની બહુમતી) અનુ.:147 સુપ્રીમકોર્ટની બંધારણનું અર્થઘટન કરવાની અંતિમ સત્તા | અનુ.: 126 કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ, અનુ.:127 તદર્થ (Ad Hoc) ન્યાયાધીશ, અનુ.:128 રિટાર્યડ ન્યાયાધીશ નિમણૂક, અનુ.: 130 સુપ્રીમકોર્ટનું સ્થાન (દિલ્હી અથવા મુખ્ય ન્યાયાધીશ નક્કી કરે તે), અનુ.:131 સુપ્રીમકોર્ટનું મૂળ અધિકાર ક્ષેત્ર, અનુ.:132 અપીલ અધિકાર ક્ષેત્ર, અનુ.:136 વિશેષ અનુમતી અપીલ, અનુ.:143 સલાહ અધિકાર ક્ષેત્ર, અનુ.:129 સુપ્રીમકોર્ટ નજીરી અદાલત(તેની કાર્યવાહી અને ચૂકાદા કાયમી રેકોર્ડ) |
| અનુ.214 | રાજ્યોની હાઈકોર્ટ, હાઈકોર્ટ ન્યાયાધીશની નિમણૂક–રાષ્ટ્રપતિ, અનુ.:217 -હોદ્દાની મુદતઃ 62 વર્ષ, અનુ.:217(2) હાઈકોર્ટ ન્યાયાધીશ લાયકાત :10 વર્ષ ન્યાયિક પદ પર હોય અથવા 10 વર્ષ હાઈકોર્ટમાં વકિલ, શપથ રાષ્ટ્રપતિ સમક્ષ અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ,(હાલ કુલ 25 હા.કો.) અનુ.:222 હાઈકોર્ટન્યાયાધીશનીબદલી,અનુ.:223 હાઈકોર્ટનાકાર્યકારી મુખ્ય ન્યાયાધીશ | અનુ.:224 વધારાના ન્યાયાધીશની નિમણૂક અને રિટાર્યડ ન્યાયાધીશ નિમણૂક, અનુ.:226 હાઈકોર્ટનું મૂળ અધિકાર ક્ષેત્ર, અનુ.:231 બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ હાઈકોર્ટ, (તાબાની અદાલતો)અનુ.: 233(1) જિલ્લા ન્યાયાધીશની નિમણૂક–રાજયપાલ, અનુ.:233(2) જિલ્લા ન્યાયાધીશની લાયકાત-7 વર્ષ કોઈપણ અદાલતમાં વકિલ |
| અનુ.153 | રાજ્યોના રાજયપાલ(એક વ્યક્તિ બે કે તેથી વધુ રાજ્યોના રાજયપાલ બની શકે–7મો બં.સુ.), અનુ.: 155 રાજયપાલની નિમણૂક–રાષ્ટ્રપતિ(પ્રક્રિયા કેનેડાના બંધારણમાંથી), અનુ.: 156 રાજયપાલ હોદ્દાની મુદત 5 વર્ષ, અનુ.: 157 લાયકાત–35 વર્ષથી વધુ ઉંમર, અનુ.:159 હોદ્દાની શપથ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ, અનુ.: 161–રાજયપાલની દંડ/સજા માફ/મોકૂફ/પરિવર્તન કરવાની સત્તા, અનુ.:200 રાજયપાલની વીટો શક્તિ, અનુ.:213 રાજયપાલની વટહુકમની સત્તા(મંત્રી પરિષદની સલાહથી જાહેર કરે) | અનુ.:163રાજયપાલનીસલાહ આપવા મંત્રી પરિષદ(મંત્રીપરિષદની સંખ્યા વિધાનસભાની કુલ સંખ્યાના 15% વધુ નહિ અને 12થી ઓછી નહિ–91મોબંધારણીયસુધારો), અનુ.:164 (1) મુખ્યમંત્રીની નિમણૂક –રાજયપાલ, અનુ.: 167 મુખ્યમંત્રીની જવાબદારી,(મુખ્યમંત્રી અને મંત્રીપરિષદ શપથ–રાજયપાલ) |
| અનુ.165 | રાજ્ય એડવોકેટ જનરલની નિમણૂક/શપથ/રાજીનામુ–રાજયપાલ સમક્ષ, એડવોકેટ જનરલ લાયકાત–હાઈકોર્ટના ન્યાયાધીશ જેટલી, | રાજ્ય સરકારનું કાયદાકીય બાબતોમાં પ્રતિનિધિત્વ તથા રાજ્ય સરકારે કાયદાકીય બાબતોમાં સલાહ આપવાનું કાર્ય કરે. |
| અનુ.168 | રાજ્યવિધાનમંડળ(રાજયપાલ+વિધાનપરિષદ+વિધાનસભા), અનુ.:169 વિ.પરિષદ. રચના નિર્માણ અને નાબૂદી(હાલમાં 6 રાજ્યોમાં વિ.પરિષદ), વિ.પરિષદ મહત્તમ સંખ્યા વિ.સભાની 1/3 અને 40થી ઓછી નહિ, અનુ.:182 વિ.પરિષદ સભાપતિ અને ઉપસભાપતિ નિમણૂક(શપથ લેવાના હોતા નથી), વિ.પરિષદ કાયમી ગૃહ(સભ્યોની મુદત 6 વર્ષ, દર બે વર્ષે 1/3 નિવૃત્ત) | અનુ.:170 વિધાનસભા–મહત્તમ બેઠક 500 અને ઓછામાં ઓછી 60 (અપવાદઃસિક્કિમ–32બેઠક,મિઝોરમ–40 બેઠક, ગોવા–40 બેઠક), અનુ.:178 વિધાનસભા અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ(શપથ લેવાના હોતા નથી), અનુ.:173 સભ્યોની લાયકાત(વિ.સભા ઉંમર 25 વર્ષથી વધુ, વિ.પરિષદ ઉંમર 30 વર્ષથી વધુ), અનુ.:239(a) કેન્દ્રશાસિત પ્રદેશમાં વિધાનમંડળની રચના સંસદ કરી શકે(હાલમાં દિલ્હી+પુડુચેરી+ જમ્મુ–કાશ્મીર). |
| અનુ.246 | કાયદો ઘડવાની 3 યાદીઓ(7મી અનુસૂચિ–કેન્દ્રયાદી(100 વિષયો), રાજ્યયાદી(66 વિષયો), સંયુક્ત યાદી(52 વિષયો), અવશિષ્ટ વિષયો પર સંસદ કાયદો બનાવી શકે. | અનુ.:249 રાજયસભા સંસદની રાજ્યયાદીના વિષયો પર કાયદો બનાવવાનો અધિકાર આપે, અનુ.:252 બે કે તેથી વધુ રાજ્યોની ભલામણથી સંસદ રાજ્યયાદીના વિષય પર કાયદો બનાવે |
| અનુ.262<br>અનુ.:263 | આંતર રાજ્ય જળ વિવાદનો ઉકેલ<br>આંતર રાજ્યપરિષદ(સરકારીયા આયોગની ભલામણથી 1990માં રચના થઈ) | – |
| અનુ.352 | રાષ્ટ્રીય કટોકટી, અનુ.:352(1) રાષ્ટ્રપતિ જાહેર કરે કેબિનેટની ભલામણથી(યુદ્ધ/આક્રમણ/સશસ્ત્ર વિદ્રોહ આધાર), અનુ.:352(4) એક મહિનામાં સંસદની મંજૂરી(દર છ મહિને મંજૂરી લઈ અનંતકાળ સુધી અમલ), અનુ.:352(6) વિશિષ્ટ બહુમતી(કુલ સભ્યના 51%+હાજર અને મતદાન2/3સમર્થન),કટોકટીનીસમાપ્તિ–રાષ્ટ્રપતિનીઘોષણા/લોકસભાના 1/10 સભ્યો દ્વારા પ્રસ્તાવ/સમયે પુરે થયે મંજૂરી ન મળે(સમાપ્તિનો પ્રસ્તાવ ફક્ત લોકસભામાં પસાર કરી શકાય). | અનુ.:353(a) રાષ્ટ્રીય કટોકટી વખતે સંસદ રાજ્યયાદીના વિષય પર કાયદો બનાવે, અનુ.:358–અનુ.19ના મૂળભૂત અધિકારો મોકૂફ, અનુ.: 359 રાષ્ટ્રપતિના આદેશથી જાહેર કરાયેલ મૂળભૂત અધિકારો મોકૂફ(અનુ.:20 અને 21 સિવાયના), રા.કટોકટી વખતે સંસદ અને રાજ્ય વિધાનસભાનો કાર્યકાળ વધારી શકાય(1 વર્ષ માટે) |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| મહત્ત્વના અનુચ્છેદ અને તેની જોગવાઈ | | મહત્ત્વની સંલગ્ન બાબતો |
|---|---|---|
| અનુ.356 | રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન(લાગુ:ચૂંટણી બાદ કોઈ પક્ષને બહુમતી ન હોય/રાજ્યનો વહીવટ બંધારણ મુજબ ન ચાલે), મંજુરી– બે મહિનામાં, બહુમતી–સાદી, અમલ–છમહિના માટે(મહત્તમ 3 વર્ષ), સમાપ્તિ–રાષ્ટ્રપતિની ઘોષણા/સમયગાળો પુરે થાય અને મંજુરી ન મળે | અનુ.:360 નાણાકીય કટોકટી, મંજુરી–2 મહિનામાં, બહુમતી–સાદી, સમયગાળો–અનંતકાળ, સમાપ્તિ–રાષ્ટ્રપતિની ઘોષણાથી |
| અનુ. 243-243(O) | પંચાયતીરાજ | અનુ.:243(P)-243(Z) નગરપાલિકા |
| અનુ.148 | નિયંત્રક અને મહાલેખા પરિક્ષક (CAG)નુ પદ, નિમણૂક/રાજીનામુ–રાષ્ટ્રપતિ, હોદ્દાની મુદ્દત–6 વર્ષ અથવા 65 વર્ષ, હોદ્દા પરથી દૂર કરવા–સુ.કોર્ટના ન્યાયાધીશની જેમ મહાભિયોગ | અનુ.:149 CAGની ફરજો અને સત્તા(હિસાબોની ચકાસણી કરે), અનુ.:151 CAGના અહેવાલો |
| અનુ.324 | કેન્દ્રીય ચૂંટણીપંચ, અનુ.:324(2) 1 મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનર(રાષ્ટ્રપતિ નક્કી કરે તેટલા), પદ પરથી દૂર કરવા– મુખ્ય ચૂંટણી કમિશનર:સુ.કોર્ટના ન્યાયાધીશની જેમ, અન્ય ચૂંટણી કમિશનર : મુખ્ય ચૂંટણી કમિશનરની સલાહથી (રાજ્ય ચૂંટણીપંચની રચના અનુ.:243(K)) | અનુ.:325 ધર્મ, જાતિ, જ્ઞાતિ કે લિંગના આધારે ચૂંટણી પ્રક્રિયામાં સમાવેશ થવાથી ભેદભાવ કરી શકાય નહિ, અનુ.:326 ચૂંટણીમાં 18 વર્ષથી વધુ વયના લોકો મત આપી શકે(21 વર્ષથી ઘટાડી 18 વર્ષ કરાઈ–61મો બંધારણીય સુધારો) |
| અનુ.280 | નાણાપંચનીરચનાદર5વર્ષે–રાષ્ટ્રપતિ દ્વારા,સભ્યો–1અધ્યક્ષ અને 4 અન્ય, લાયકાત : સંસદ નક્કી કરે(હાલમાં 15મુ નાણાપંચ–એન.કે.સિંહ અધ્યક્ષ) | અનુ.:243(I)–રાજ્ય નાણાપંચની રચના દર 5 વર્ષે રાજ્યપાલ દ્વારા |
| અનુ.338 | રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ, અનુ.:338(A)–રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ, અનુ.:338(B)–રાષ્ટ્રીય પછાત આયોગ | – |
| અનુ.:350(B) | ભાષાકીય અલ્પસંખ્યક વર્ગો માટે વિશેષ અધિકાર | – |
| અનુ.316 | સંઘ જાહેર સેવા આયોગ(UPSC)–અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક/રાજીનામુ રાષ્ટ્રપતિ કરે, 1 અધ્યક્ષ સહિત 10 સભ્યો, હોદ્દાની મુદ્દત–6 વર્ષ અથવા 65 વર્ષ, અનુ.:317 અધ્યક્ષ અને સભ્યોને પદ પરથી દૂર કરવા(રાષ્ટ્રપતિ દૂર કરે), (હાલમાં 3 અખિલ ભારતીય સેવા–અનુ.:312 મુજબ રાજ્યસભાની રચના કરી શકે) | અનુ.:316–રાજ્ય જાહેર સેવા આયોગ–અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક/રાજીનામુ–રાજ્યપાલ કરે, હોદ્દાની મુદ્દત–6 વર્ષ અથવા 62 વર્ષ, અધ્યક્ષ અથવા સભ્યોના હોદ્દા પરથી રાષ્ટ્રપતિ દૂર કરી શકે<br><br>અનુ.:315–સંયુક્ત જાહેર સેવા આયોગ(2 કે તેથી વધુ રાજ્યોના વિધાનમંડળખરડોપસારકરી સંસદનેભલામણકરે),અધ્યક્ષઅનેસભ્યોની નિમણૂક/રાજીનામુ–રાજ્યપાલ, કાર્યકાળ–6 વર્ષ અથવા 62 વર્ષ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહત્ત્વના અન્ય અનુચ્છેદ

| અનુચ્છેદ | માહિતી |
|---|---|
| 300(A) | મિલકતનો અધિકાર(કાનૂની) |
| 330 | લોકસભામાં SC\STને અનામત |
| 332 | વિધાનસભામાં SC\STને અનામત |
| 333 | 1 સભ્યની એંગ્લો ઈન્ડિયન તરીકે રાજ્યપાલ દ્વારા રાજ્ય વિધાનસભામાં નિમણૂક |
| 343 | કેન્દ્રની રાજભાષા(હિન્દી+અંગ્રેજી) |
| 345 | રાજ્યની રાજભાષા |
| 348 | ન્યાયાલયમાં ઉપયોગમાં લેવાતી ભાષા |
| 351 | હિન્દી ભાષાનો વિકાસ |
| 244 | અનુસૂચિત અને આદિજાતિ ક્ષેત્રોનો વહીવટ |
| 371 | અમૂક રાજ્યો માટે વિશેષ જોગવાઈ(મહારાષ્ટ્ર, ગુજરાત, નાગાલેન્ડ, આસામ, મણીપુર, આંધ્રપ્રદેશ, સિક્કિમ, મિઝોરમ, અરુણાચલ પ્રદેશ, ગોવા) |
| 323(A) | વહીવટી પંચો |
| 323(B) | અન્ય બાબતો માટેના પંચો |
| 243 | સહકારી મંડળીની સ્થાપના |

YouTube
ICE RAJKOT
ICE CURRENT NEWS WEEK-45નો વીડિયો
જોવા માટે અહીં CLICK કરો...

# બિનસચિવાલયનની પરીક્ષાના અંતિમ ક્ષણોમાં મહત્ત્વના બંધારણીય સુધારાઓનું ફાસ્ટ રિવીઝન

● ભારતીય બંધારણના કેટલાક મહત્ત્વપૂર્ણ બંધારણીય સુધારાઓ

| બંધારણીય સુધારો | વર્ષ | મહત્ત્વની જોગવાઈઓ |
|---|---|---|
| પ્રથમ | 1951 | – બંધારણમાં અનુસૂચિ – 9 ઉમેરવામાં આવી.<br>– સામાજીક અને આર્થિક તથા પછાત વર્ગોના કલ્યાણ માટે રાજ્યોને સત્તા આપવામાં આવી.<br>– બંધારણના ભાગ – 3માં અનુચ્છેદ – 31A અને 31B ઉમેરવામાં આવ્યા.<br>– જમીન સંપાદન અંગેના કાયદાને ન્યાયિક સમીક્ષાથી દૂર રાખવા અનુસૂચિ–9માં ઉમેરવામાં આવ્યા. |
| 5મો | 1955 | – રાજ્યોના નામ, વિસ્તારો કે સીમાઓ બદલાવવાના ખરડા પર રાજ્યોને વિચાર–વિમર્શ વ્યક્ત કરવાની સમયમર્યાદા નક્કી કરવાની સત્તા રાષ્ટ્રપતિને આપવામાં આવી. |
| 7મો | 1956 | – રાજ્યોની વર્ગ વ્યવસ્થા A, B, C અને D સમાપ્ત કરી 14 રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો જાહેર કરવામાં આવ્યા.<br>– બે કે તેથી વધુ રાજ્યો વચ્ચે એક જ ન્યાયાલયની રચના અંગે જોગવાઈ કરવામાં આવી.<br>– બે કરતા વધુ રાજ્યોમાં એક રાજ્યપાલ સત્તા સંભાળી શકે છે.<br>– કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્યોની ઉચ્ચ ન્યાયાલયના અધિકાર ક્ષેત્રનો વિસ્તાર કર્યો. |
| 9મો | 1960 | – ભારતના પશ્ચિમ બંગાળનો બેરૂબાડી ક્ષેત્ર પૂર્વ પાકિસ્તાનને અપાયો. |
| 10મો | 1961 | – દાદરા–નગર હવેલીને ભારતીય સંઘમાં જોડવામાં આવ્યું. |
| 12મો | 1962 | – ગોવા, દમણ અને દીવને ભારતીય સંઘમાં જોડવામાં આવ્યા. |
| 13મો | 1962 | – નાગાલેન્ડને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપ્યો. |
| 15મો | 1963 | – ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશોની નિવૃત્તિની ઉંમર 60 વર્ષથી વધારીને 62 વર્ષ કરવામાં આવી. પોતાના ક્ષેત્રાધિકારની બહાર બનેલી ઘટનામાં પણ રિટ જાહેર કરવાની સત્તા આપવામાં આવી. |
| 16મો | 1963 | – અનુચ્છેદ – 19 અંતર્ગતની સ્વતંત્રતાઓ જેવી કે વાણી, અભિવ્યક્તિ, શાંતિપૂર્વક હથિયાર વગર એકઠા થવું વગેરે પર રાષ્ટ્રહિતને ધ્યાને રાખી પ્રતિબંધ મૂકવા રાજ્યોને સત્તા આપવામાં આવી. |
| 17મો | 1964 | – જ્યાં સુધી ખાનગી/ખેતીની જમીનની બજાર કિંમત ન મળે ત્યાં સુધી વ્યક્તિગત હિત માટે જમીન સંપાદન કરી શકાય નહીં તેવી જોગવાઈ કરવામાં આવી. |
| 21મો | 1967 | – આઠમી અનુસૂચિમાં 15મી ભાષા તરીકે સિંધી ભાષા ઉમેરવામાં આવી. |
| 22મો | 1969 | – અસમ રાજ્યમાંથી નવું રાજ્ય મેઘાલય બનાવવામાં આવ્યું. |
| 24મો | 1971 | – સંસદને બંધારણના મૂળભૂત અધિકારો સહિત કોઈપણ ભાગમાં સુધારો કરવાની સત્તા આપવામાં આવી.<br>– રાષ્ટ્રપતિને બંધારણીય સુધારા ખરડાને માન્યતા આપવા બાધ્ય કરવાની જોગવાઈ કરવામાં આવી. |
| 25મો | 1971 | – અનુચ્છેદ 31(C) ઉમેરવામાં આવી. |
| 31મો | 1972 | – લોકસભાની બેઠકો 525 થી વધારીને 545 કરવામાં આવી. |
| 35મો | 1974 | – સિક્કિમનો 'સંરક્ષિત રાજ્ય'નો હોદ્દો રદ કરી તેને ભારતનું સહયોગી રાજ્ય બનાવવામાં આવ્યું અને ભારત તથા સિક્કિમ વચ્ચેના સંબંધો અંગેની શરતો અનુસૂચિ – 10માં ઉમેરવામાં આવી. |
| 36મો | 1975 | – સિક્કિમને ભારતીય સંઘના પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો અને અનુસૂચિ–10 રદ કરવામાં આવી. |
| 41મો | 1976 | – રાજ્ય જાહેર સેવા આયોગ અને સંયુક્ત જાહેર સેવા આયોગના સભ્યોની નિવૃત્તિની વય મર્યાદા 60 વર્ષથી વધારીને 62 વર્ષ કરવામાં આવી. |
| 42મો | 1976 | – ભારતીય બંધારણમાં સૌથી વધુ સુધારા કરવામાં આવ્યા. તેથી 'લઘુ બંધારણ' તરીકે ઓળખાય છે.<br>– બંધારણમાં ભાગ – 4(A) મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી.<br>– આમુખમાં ત્રણ નવા શબ્દો સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને અખંડિતતા શબ્દો ઉમેરવામાં આવ્યા.<br>– બંધારણીય સુધારાને ન્યાયિક સમીક્ષાથી બાકાત કરવામાં આવ્યા.<br>– રાષ્ટ્રપતિને મંત્રીમંડળની સલાહ માનવા બાધ્ય કરાયા. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| બંધારણીય સુધારો | વર્ષ | મહત્ત્વની જોગવાઈઓ |
|---|---|---|
| | | – લોકસભા અને વિધાનસભાનો કાર્યકાળ 5 વર્ષથી વધારીને 6 વર્ષ કરવામાં આવ્યો.<br>– રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં ત્રણ નવા આદર્શો ઉમેરવામાં આવ્યા.<br>1. સમાન ન્યાય અને મફત કાનૂની સહાય.<br>2. પર્યાવરણ, જંગલો અને જંગલી જીવોનું રક્ષણ.<br>3. કામદારોની ઉદ્યોગોના વ્યવસ્થાપનમાં ભાગીદારી<br>– રાષ્ટ્રીય કટોકટીને ભારતના કોઈ પણ ક્ષેત્રમાં લાગુ કરી શકાશે.<br>– સંસદ અને રાજ્ય વિધાનમંડળોમાં કોરમની વ્યવસ્થા રદ કરવામાં આવી.<br>– રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસનની મુદ્દત 6 મહિનાથી 1 વર્ષ કરવામાં આવી.<br>– વન, શિક્ષણ અને વસતીનિયંત્રણ જેવા વિષયો રાજ્યયાદીમાંથી સમવર્તી યાદીમાં ફેરવાયા<br>– મંત્રી પરિષોની સલાહ રાષ્ટ્રપતિને માનવા ફરજિયાત કરવામાં આવી. |
| 44મો | 1978 | – 42મા બંધારણીય સુધારાની ઘણી જોગવાઈઓ આ સુધારા દ્વારા રદ કરવામાં આવી.<br>– લોકસભા અને રાજ્ય વિધાનસભાનો કાર્યકાળ ફરી 5 વર્ષ કરવામાં આવ્યો.<br>– રાષ્ટ્રપતિને મંત્રીમંડળની સલાહ બાબતે પ્રથમ વખત પુનઃવિચાર માટે મોકલવાની સત્તા આપવામાં આવી. પરંતુ બીજી વખત માનવા બાધ્ય કરવાની જોગવાઈ કરવામાં આવી.<br>– સંસદ અને રાજ્ય વિધાનમંડળોમાં કોરમની વ્યવસ્થા ફરી ચાલુ રાખવાની જોગવાઈ કરવામાં આવી.<br>– મિલકતના મૂળભૂત અધિકારને રદ કરી કાયદાકીય અધિકાર બનાવવામાં આવ્યો.<br>– રાષ્ટ્રીય કટોકટી સમયે અનુચ્છેદ – 20 અને 21 મોકૂફ રહેશે નહીં. |
| 52મો | 1985 | – બંધારણમાં અનુસૂચિ–10 અંતર્ગત સંસદ અને રાજ્ય વિધાનમંડળના સભ્યોની પક્ષ–પલટા વિરોધી કાનૂન અંતર્ગત ગેરલાયક જાહેર કરવાની જોગવાઈ કરવામાં આવી. |
| 58મો | 1987 | – હિન્દી ભાષાને બંધારણની સત્તાવાર ભાષા તરીકે માન્યતા અપાઈ. |
| 61મો | 1989 | – લોકસભા અને રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓમાં મતદાનની ઉંમર 21 વર્ષથી ઘટાડીને 18 વર્ષ કરવામાં આવી. |
| 69મો | 1991 | – દિલ્લીને વિશેષ દરજ્જો આપી 'રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્લી' (National Capital Territory of Delhi) જાહેર કરવામાં આવ્યું.<br>– દિલ્લી વિધાનસભાની 70 બેઠકો અને મંત્રીપરિષદના સભ્યોની સંખ્યા 7 રાખવાની જોગવાઈ કરવામાં આવી. |
| 70મો | 1992 | – દિલ્લી અને પુડુચેરી વિધાનસભાના ચૂંટાયેલા સભ્યોને રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી. |
| 71મો | 1992 | – બંધારણ માન્ય ભાષામાં ત્રણ નવી ભાષાઓ મણિપુરી, કોંકણી અને નેપાળીનો સમાવેશ કરવામાં આવ્યો. |
| 73મો | 1992 | – પંચાયત નામે બંધારણમાં નવો ભાગ – 9 અને અનુસૂચિ – 11 ઉમેરવામાં આવ્યા. |
| 74મો | 1992 | – નગરપાલિકાઓ નામે બંધારણમાં નવો ભાગ – 9(A) અને અનુસૂચિ – 12 ઉમેરવામાં આવ્યા. |
| 76મો | 1994 | – તમિલનાડુ રાજ્યના 50%થી વધુ અનામત અંગેના કાયદાને બંધારણની 9મી અનુસૂચિમાં ઉમેરવામાં આવ્યો. (તમિલનાડુમાં 69% અનામતની વ્યવસ્થા છે.) |
| 84મો | 2001 | – લોકસભા અને રાજ્યોની વિધાનસભાઓમાં બેઠકની ફાળવણીને વર્ષ 2026 સુધી યથાવત રાખવાની જોગવાઈ કરવામાં આવી.<br>– રાજ્યોમાં મતવિસ્તારોની વ્યવસ્થાને ઈ.સ. 1991ની વસ્તી ગણતરીના આંકડા આધારિત કરવાની જોગવાઈ કરવામાં આવી. |
| 86મો | 2002 | – બંધારણના અનુચ્છેદ – 51(A) અંતર્ગત 11મી નવી મૂળભૂત ફરજ ઉમેરવામાં આવી કે 6 થી 14 વર્ષના બાળકોના શિક્ષણની જવાબદારી માતા–પિતાની કે પાલકની રહેશે. |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| બંધારણીય સુધારો | વર્ષ | મહત્વની જોગવાઈઓ |
|---|---|---|
| | | – બંધારણના ભાગ–3માં અનુચ્છેદ – 21(A) ઉમેરવામાં આવ્યો. જે મુજબ 6 થી 14 વર્ષના બાળકોને શિક્ષણનો અધિકાર<br>– રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ – 45માં સુધારો કરવામાં આવ્યો. જે મુજબ રાજ્ય 14 વર્ષની ઉંમર સુધી બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરશે. |
| 88મો | 2003 | – સેવા કર (Service Tax) સંબંધિત જોગવાઈ કરવામાં આવી. (અનુચ્છેદ – 268A) |
| 89મો | 2003 | – રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ અનુચ્છેદ – 338 રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ આયોગ – 338(A) (બંનેને અલગ કરવામાં આવ્યા) |
| 91મો | 2003 | – કેન્દ્રીય મંત્રીપરિષદમાં પ્રધાનમંત્રી સહિત મંત્રીઓની સંખ્યા વધુમાં વધુ લોકસભાની કુલ સભ્ય સંખ્યાના 15% સુધી મર્યાદિત કરવામાં આવી.<br>– રાજ્ય પણ મંત્રીપરિષદમાં મંત્રીઓની સંખ્યા મુખ્યમંત્રી સહિત વિધાનસભા ગૃહની કુલ સભ્ય સંખ્યાના વધુમાં વધુ 15% અથવા ઓછામાં ઓછી 12 નિશ્ચિત કરવામાં આવી. |
| 92મો | 2003 | – બંધારણની અનુસૂચિ – 8માં નવી ચાર ભાષાઓ બોડો, ડોંગરી, સંથાલી અને મૈથિલી ઉમેરવામાં આવી. આ સાથે બંધારણ માન્ય ભાષાઓની સંખ્યા 22 થઈ. |
| 96મો | 2011 | – બંધારણની અનુસૂચિ – 8માં સમાવિષ્ટ 'ઓડિયા' ભાષાના ઉચ્ચારણને બદલીને 'ઉડિયા' કરવામાં આવ્યું. |
| 97મો | 2012 | – બંધારણમાં 'સહકારી મંડળીઓ' નામે નવો ભાગ – 9(B) ઉમેરાયો.<br>– સહકારી મંડળી બનાવવાનો એક મૂળભૂત અધિકાર અનુચ્છેદ – 19(1)(C) ઉમેરવામાં આવ્યો.<br>– રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતમાં સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા એક નવો અનુચ્છેદ – 43(B) ઉમેરવામાં આવ્યો. |
| 99મો | 2014 | – ન્યાયાધીશોની નિમણૂંક માટે NJAC (National Judicial Appointments Commission) પદ્ધતિ લાગુ કરવાની જોગવાઈ. આ બંધારણીય સુધારાને ગેરબંધારણીય ગણીને સર્વોચ્ચ ન્યાયાલયે રદ કર્યો. |
| 100મો | 2015 | – ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વહીવટી સરળતા માટે 'જમીન સરહદ' કરાર. જે અંતર્ગત ભારતે પોતાના અમુક ક્ષેત્રો બાંગ્લાદેશને સોંપ્યા અને બાંગ્લાદેશે પોતાના અમુક ક્ષેત્રો ભારતને સોંપ્યા. |
| 101મો | 2016 | – નવો વસ્તુ અને સેવા કર (GST) |
| 102મો | 2018 | – રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો.<br>– જે માટે બંધારણમાં અનુચ્છેદ – 338(B) અને 342(A) ઉમેરવામાં આવ્યા. |
| 103મો | 2019 | – આર્થિક રીતે પછાત વર્ગના લોકોને શિક્ષણ અને સરકારી નોકરીઓમાં 10% અનામત આપવામાં આવ્યું.<br>– બંધારણમાં અનુચ્છેદ – 15(6) અને અનુચ્છેદ – 16(6) ઉમેરવામાં આવ્યા. |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમને વિશ્વાસ છે, આપ પણ અધિકારી બની શકો છો

SPECIAL BATCH
SPECIAL DISCOUNT

તલાટી / જુનિયર કલાર્ક સિનિયર કલાર્ક / મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી વગેરે...

ફ્રી ટ્રાયલ લેક્ચર 21/11/19 સવાર/બપોર/સાંજ

20% Discount 70% થી વધુને

15% Discount 40% થી વધુને

50% Discount 85% થી વધુને

તમામ જૂના વિદ્યાર્થીઓને 50% Discount

ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ Special Discount

2012 - 18 1237+ સફળ ઉમેદવાર

રાજકોટ
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે

93757-01110 / 93280-01110

100% સફળતા માટે
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS